# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 13-11-2025 Day: Thursday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી વિસ્ફોટમાં ઈજાગ્રસ્ત લોકોની મુલાકાતે હોસ્પિટલ પહોંચ્યા:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગઈકાલે લોકનાયક જયપ્રકાશ નારાયણ હૉસ્પિટલ પહોંચ્યા હતા, જ્યાં તેમણે સોમવારે દિલ્હી વિસ્ફોટમાં ઇજાગ્રસ્ત થયેલા લોકો સાથે મુલાકાત કરી. પ્રધાનમંત્રી ભૂતાનના બે દિવસના પ્રવાસ બાદ વિમાનમથકથી સીધા જ હૉસ્પિટલ પહોંચ્યા હતા.

શ્રી મોદીએ ઈજાગ્રસ્તો સાથે વાતચીત કરી અને તેઓ ઝડપથી સાજા થાય તેવી પ્રાર્થના કરી. હૉસ્પિટલના તબીબો અને વરિષ્ઠ અધિકારીઓએ પ્રધાનમંત્રીને ઈજાગ્રસ્તો અંગે માહિતી આપી. શ્રી મોદીએ સોશિયલ મીડિયા સંદેશમાં વિસ્ફોટના આ ષડયંત્રમાં સામેલ લોકોને છોડવામાં નહીં આવે તેમ જણાવ્યું હતું.

---

## કેન્દ્રીય નાણામંત્રી-અંદાજપત્ર પહેલા પરામર્શ બેઠક:

કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સીતારમણની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં અંદાજપત્ર પહેલા પરામર્શ બેઠક યોજાઈ. તેમાં આગામી કેન્દ્રીય અંદાજપત્ર 2026-27ની તૈયારી માટે સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ – MSME ક્ષેત્રના હિસ્સેદારો સાથે ચર્ચા થઈ. બેઠકમાં કેન્દ્રીય નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરી, આર્થિક બાબતોના વિભાગના સચિવ તથા સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠક વાર્ષિક અંદાજપત્ર તૈયાર કરવા અને તેને સંસદમાં રજૂ કરતા પહેલા અધિકારીઓ અને નાણામંત્રી દ્વારા વિવિધ હિસ્સેદારો સાથે આયોજિત એક પરામર્શ અને ચર્ચા પ્રક્રિયા છે.

---

## સોમ-મંગળ જનપ્રતિનિધિઓ સાંભળવા આરક્ષિત કરવા સુચના:

**અનિવાર્ય સંજોગો સિવાય સોમવાર અને મંગળવારને ફરજિયાત જાહેર જનતા અને જન પ્રતિનિધિઓની રજૂઆતોને સાંભળવા માટે આરક્ષિત કરવા રાજ્યના મંત્રીઓને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૂચના આપી છે.**

**ગાંધીનગર ખાતે ગઈકાલે યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠક અંગે વધુ માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ કહ્યું, સોમવાર અને મંગળવારના રોજ કોઈ સરકારી મીટિંગ ન રાખવા મુખ્યમંત્રીએ તમામ મંત્રીઓને સૂચના આપી છે. તેમણે ઉમેર્યું, પ્રભારી મંત્રીઓને તેમના વિસ્તારના મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ અને રોડની સ્થિતિની સમીક્ષા કરવા પણ સૂચના આપવામાં આવી છે.**

---

## જિલ્લામાં શનિ રવિ બી.એલ.ઓ દ્વારા સઘન સુધારણા:

દેશના ચૂંટણીપંચના આદેશ અનુસાર કચ્છ જિલ્લામાં ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત હાલમાં ગણતરીનો તબક્કો ચાલી રહ્યો છે ઉક્ત કામગીરી સુચારુ રીતે સમયસર પૂર્ણ થાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર કચ્છના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ જિલ્લામાં સમાવિષ્ટ 6 વિધાનસભા મતદાર વિભાગોમાં આવેલ તમામ મતદાન મથકો પર આગામી તારીખ 15 અને 16 શનિવાર અને રવિવાર તેમજ તારીખ 22 અને 23 શનિવાર અને રવિવારે સવારે 9.00થી બપોરે 1.00 સુધી બી.એલ.ઓ. હાજર રહેશે. આ સમય દરમિયાન મતદારોને બી.એલ.ઓ. વર્ષ-2002ની મતદારયાદીમાં નામ શોધી આપશે. વધુમાં મતદારો પોતાને મળેલા ગણતરી ફોર્મ પોતાના ભાગના બી.એલ.ઓ.ને જમા કરાવી શકશે.

---

## જિલ્લામાં ડેન્ગ્યુના કેસમાં વધારો:

વાતાવરણીય ફેરફારોના કારણે કચ્છમાં ડેન્ગ્યૂના કેસોમાં ગત વર્ષની તુલનાએ વધારો જોવા મળ્યો છે. જોકે આરોગ્ય વિભાગ દ્વારા અટકાયતી પગલાં ભરાતાં અકંદરે સ્થિતિ નિયંત્રણમાં હોવાનું જણાવાયું હતું. જીલ્લામાં ગત જાન્યુઆરીથી લઈ નવેમ્બરના પ્રથમ સપ્તાહ સુધી ડેન્ગ્યૂના 183 કેસ નોંધાયા છે. ગયાં વર્ષે આ સમયગાળામાં ડેન્ગ્યૂના 173 જેટલા કેસ નોંધાયા હતા, જેની સરખામણીએ આ વર્ષે છ ટકા કેસ વધુ જોવા મળ્યા છે.

વરસાદી પેટર્ન અનિયમિત થવાને કારણે વરસાદી પાણી ભરાવાના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. જે ડેન્ગ્યૂના કેસમાં વધારા માટે કારણભૂત છે. આરોગ્ય વિભાગમાંથી મળેલી આંકડાકીય વિગત અનુસાર જિલ્લામાં ભુજ, ગાંધીધામ, મુંદરા અને અંજાર જેવા શહેરી વિસ્તારમાં ડેન્ગ્યૂના કેસ વધુ પ્રમાણમાં નોંધાયા છે. જો કે, આરોગ્ય વિભાગે સર્વેલન્સ ટીમ દ્વારા ઘરોઘર મોજણી કરવા સાથે મચ્છર ઉત્પત્તિના સ્થાનોના નાશ કરવા સહિતનું કાર્ય કરતાં કેસો નિયંત્રણ હેઠળ આવ્યા છે.

---

## શિક્ષણ સહાયક ભરતી-2025 દિવ્યાંગ ઉમેદવારો માટે ખાસ ભરતી :

રાજ્યની સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી અંતર્ગત દિવ્યાંગ ઉમેદવારો માટેની ખાસ ભરતી ઝૂંબેશ ૨૦૨૫ અન્વયે નિયત લાયકાત ધરાવતા દ્વિસ્તરીય TAT (Sec) -૨૦૨૩ પરીક્ષા પાસ હોય તેવા ફક્ત દિવ્યાંગ ઉમેદવારો ૨૧નવેમ્બર ૨૦૨૫ સુધી gserc.in વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરી શકશે. જેની ખાસ નોંધ લેવા ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક સ્ટાફ ભરતી માટેની પસંદગી સમિતિની યાદીમાં જણાવાયુ છે.

---

## રાજ્ય કક્ષાની તરણ સ્પર્ધામાં ત્રણ મેડલ સાથે વિજેતા હિમધી :

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગર આયોજિત જિલ્લા રમત-ગમત અધિકારી રાજકોટ સંચાલિત સરદાર પટેલ સ્નાનાગર ખાતે રાજ્ય કક્ષાની શાળાકીય તરણ સ્પર્ધા યોજાઇ

હતી, જેમાં રાજ્યભરમાંથી 500થી વધારે તરવૈયાએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં માધાપરની હિમધી ગિરીશભાઇ ચૌહાણ ત્રણ મેડલ મેળવી વિજેતા થઇ હતી. આ અગાઉ હિમધીએ દરિયાની એક કિલોમીટર તરણ સ્પર્ધામાં સતત બે વર્ષ રાષ્ટ્રીય કક્ષાએ  ગોલ્ડ મેડલ સહિત રાજ્ય, ઝોન અને રાષ્ટ્રીય કક્ષાએ 30થી પણ વધારે મેળવ્યા છે.

-----------------------------------------------------------------------------------------------